**CNR NO. GJSN020044182023**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૧૨/૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૧/૧૨/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**સુરેન્દ્રનગરના બીજા એડી. સીનીયર સિવિલ જજ (શ્રી કે.એમ.આહીર)**

**સાહેબની કોર્ટમાં , મુકામ.સુરેન્દ્રનગર.**

**સ્પે. દિ. મુ. નં. ૨૫/૨૦૨૩**

**આંક:**

| | | |
|---|---|---|
| વાદી | : | **પી.જી.વી.સી.એલ. રાજકોટ,**<br>**વઢવાણ સબ ડીવીઝન, વઢવાણ**<br>**વતી નાયબ ઇજનેર**<br>**શ્રી પરેશભાઇ વિઠ્ઠલભાઇ પંચાલ**<br>રહે.વઢવાણ, જી.સુરેન્દ્રનગર. |
| **વિરૂધ્ધ** | | |
| પ્રતિવાદીઓ | : | **(૧) સત્યમ એન્ટરપ્રાઇઝ (ભાગીદારી પેઢી)**<br>રહે.એસ.બી.આઇ.બેંક પાસે,<br>વડોદ–સુરેન્દ્રનગર હાઇવે,<br>મુ.કારીયાણી, તા.વઢવાણ.<br>**(૨) હેમંતભાઇ કુંવરભાઇ પટેલ/ભાલાળા(ભાગીદાર)**<br>**(૩) મનસુખભાઇ હેમંતભાઇ પટેલ/ભાલાળા(ભાગીદાર)** |

| | | |
|---|---|---|
| | | **(૪) બળદેવભાઇ હેમંતભાઇ પટેલ/ભાલાળા(ભાગીદાર)**<br>તમામ રહે.કારીયાણી, વડોદ–સુરેન્દ્રનગર હાઈવે,<br>તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર. |

| | | |
|---|---|---|
| બાબત | : | **સ્પેશીફીક રીલીફ એકટ ૧૯૬૩ ની કલમ–૧૦ સાથે વાંચતા કોન્ટ્રાકટ એકટની કલમ–૭૦ મુજબ વીજ ચોરીની રકમ રૂ. ૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસા વસુલાત અંગે.** |

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ. વકીલશ્રી ડી.એમ. જોષી |
| પ્રતિવાદીઓ તરફે | : | વિ. વકીલશ્રી એચ.એ.પરમાર |

## <u>જજમેન્ટ</u>

### <u>(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત:–</u>

(૧.૧) વાદી વીજ કંપનીની મુખ્ય કચેરી રાજકોટ આવેલી છે તેની મુખ્ય ડીવીઝન ઓફીસ સુરેન્દ્રનગર આવેલી છે તેમજ વીજ કંપનીની સબ ડીવીઝનની ઓફીસ વઢવાણ મુકામે આવેલી છે. વાદી વીજ કંપની ઈલેકટ્રીસીટી એકટ તથા ઈલેકટ્રીસીટી સપ્લાયર્સ એકટ મુજબ એક સ્ટેટયુટરી, લાયસન્સી વીજ કંપની છે. વિજળી વાપરનારા ગ્રાહકોને ધોરણસરનાં કાયદા અને કરાર મુજબ તથા કંપનીનાં વખતો વખતનાં નિયમો તથા શરતોને આધીન ઔદ્યોગીક, ઘરવપરાશ, ખેતીવાડીનાં હેતુ માટે વિજળીનો પુરવઠો આપે છે.

આ કામના પ્રતિવાદીએ તા–૨૫/૦૨/૨૦૧૯ નાં રોજ વાદી વીજ કંપનીમાં ઔદ્યોગીક હેતુ (ચીલર પ્લાન્ટ) માટે એલ.ટી.એમ.ડી. ૬૮ કીલો વોટ નું વીજ જોડાણ મેળવવા માટે અરજો કરેલ હતી. તેઓની અરજી સાથે બાંહેધરી ખત, ભાડાખત, કુલમુખત્યારનામુ, બાંહેધારી વિગેરે રજુ કરેલ હતુ. પ્રતિવાદીએ નં–૧ ના નામે ચાલતી વઢવાણ

તાલુકાના મોજે કારીયાણીના ખાતા નં–૫૫૭ થી (જુનો સીમ સર્વે નં–૭૬/પૈકી–૧) નવો સર્વે નં––૨૯૨ વાળી સીમ જમીનમાં ઔદ્યોગીક હેતુ માટે વીજ જોડાણ માંગેલ, સદરહું સીમ જમીનમાં માંગેલ વીજ જોડાણ માટે તેઓને કોટેશન આપવામાં આવેલ. પ્રતિવાદી તરફથી બાંહેધરી ખત વીજ કંપનીની તરફેણમાં કરી આપેલ, ટેસ્ટ રીપોર્ટ બાદ વાદી વીજ કંપની તરફથી પ્રતિવાદીને વીજજોડાણ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ અને માંગ્યા મુજબનું વીજ જોડાણ આપવામાં આવેલ હતુ. આ કામના પ્રતિવાદીનો ગ્રાહક નં.–૨૪૮૦૯/૦૦૩૨૧/૨ છે જેના ધ્વારા તેઓ વીજ વપરાશ કરતા હતા.

આ કામના પ્રતિવાદી વાદી વીજ કંપનીના ગાહક હોવા છતાં તા–૦૭/૦૧/૨૨ નાં રોજ વીજ કંપનીના અધીકારીઓ પી.વી.પંચાલ–નાયબ ઈજનેર, એ.એમ.ખોખર–આસી.લાઈનમેન તથા વીજ કંપનીના અન્ય કર્મચારીઓ ધ્વારા પ્રતિવાદીના ઔદ્યોગીક સ્થળ પ્લાન્ટ પર વીજ ચેકીંગ કરતા માલુમ પડેલ છે કે, વીજ કનેકશન માટેના ટ્રાન્સફોર્મરની એલ.ટી.સાઈડથી એક કાળા રંગના આશરે ૧૨ મીટર કેબલ ધ્વરા મીટરને બાયપાસ કરી ડાયરેકટ લોડ સાઈડના ફયુઝમાં આપેલ, આમ વીજ પીટરને બાયપાસ કરી મીટર કરતુ અટકાવીને પ્લાન્ટના વીજ ઉપકરણો ગેરકાયદેસર રીતે ચલાવીને ૯૧ હોર્ષ પાવર ની વીજચોરી કરતા હોવાનું માલુમ પડેલ.

વીજ ચેકીંગ દરમ્યાન ઉપરોક: વિગતે પ્રતિવાદી વીજચોરી કરીને વીજ વપરાશનાં સાધનોનો ઉપયોગ કરતા હોવાથી ચેકીંગ દરમ્યાન સ્થળ પર ચેકીંગ શીટ નંબર–એસએનસી/૦૦૨૨૬૫ તૈયાર કરેલ, ચેકીંગ શીટમાં ટેકીંગ સમયે બળદેવભાઈ હેમંતભાઈ હાજર હતા પરંતુ ચેકીંગ શીટમાં સહી કરી આપેલ નહી જેથી ચેકીંગ પાર્ટીના ઓફીસરો ધ્વારા સ્થળ પર રોજકામ કરવામાં આવેલ તેમજ વીજચોરી થતી હોવા અંગેના ફોટા પાડવામાં આવેલ તેમજ એનેક્ષર–૪ મુજબ થી ફેઈઝ વીજ મીટર, મીટર પેટી, કાળા રંગનો કેબલ આશરે ૧૨ મીટર

કબજે કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ ચેકીંગ શીટ તથા રોજકામમાં જણાવેલ વિગતે પાવરચોરી કરેલ છે.

આ કામના પ્રતિવાદી વીજચોરી કરતા હોવાથી વાદી વીજ કંપનીની કચેરીમાં વીજચોરીના વોટ મુજબ કેલ્કયુલેશન કરવામાં આવેલ છે અને પ્રતિવાદીને વીજળી અધીનીયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ વીજચોરીનું પુરવણી બીલ રકમ રુા. ૬૨,૮૦,૮૬૩–૯૦ પૈસા નું તથા કમ્પાઉન્ડીંગ ચાર્જનું બીલ રકમ રૂા. ૭,૨૯,૨૨૪/– પૈસા નુંરજી.એ.ડી. થી મોકલવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન– સુરેન્દ્રનગરમાં વીજચોરીનો ગુન્હો નોંધવા માટે ફરીયાદ આપવામાં આવતા સેકન્ડ ગુન્હા રજી. નં–૧૫૯/૨૦૨૨ થી પ્રતિવાદી વિરુધ્ધ એફ.આઈ. આર. નોંધાયેલ છે.

આ કામના પ્રતિવાદીને વીજ કંપની તરફથી કબજે લેવામાં આવેલ વીજ મીટરના લેબોરેટરી ચેકીંગ માટે તા–૧/૧૧/૨૨ નાં રોજ નોટીસ આપવામાં આવેલ તેમજ લેબોરેટરી ટેસ્ટીંગ સમયે હાજર રહેવા જાણ કરવામાં આવેલ, તેમજ તા–૨૩/૧૧/૨૨ નાં રોજ વીજ મીટરનું લેબોરેટરીમાં વીજ કંપનીના અધીકારીઓ ધ્વારા પરિક્ષણ કરવામાં આવેલ. સદરહું પરીક્ષણ પ્રતિવાદીની હાજરીમાં કરવામાં આવેલ જે પરીક્ષણ અહેવાલમાં પ્રતિવાદીએ તેમની સહી કરી આપેલ છે.

પ્રતિવાદીને આપવામાં આવેલ વીજચોરી બીલ અન્વયે પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે. સીવીલ એપ્લીકેશન નં–૩૧૩૪/૨૦૨૨ વીજ કંપની વિરુધ્ધ દાખલ કરેલ હતી. સદરહું કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી તા–૨૦/૯/૨૦૨૨ નાં રોજ પુરવણી બીલની ૫૦% રકમ પ્રતિવાદીને ભરપાઈ કરી આપવા માટેનો આદેશ કરેલ પરંતુ પ્રતિવાદી તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટના સદરહું હુકમની અવગણના કરવામાં આવેલ છે તેમજ હુકમ મુજબની કોઈ જ રકમ પ્રતિવાદીએ વીજ કંપનીમાં જમા કરાવેલ નથી.

પ્રતિવાદીને વીજચોરી બીલની રકમ ભરપાઈ કરવા સારુ વીજ કંપનીના વકીલશ્રી મારફતે તા–૧૭/૦૪/૨૩ નાં રોજ રજી.એ.ડી. થી લીગલ નોટીસ આપવામાં આવેલ છે જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે, તેમછતાં પ્રતિંવાદી તરફથી વાદી વીજ કપનીની તેઓની પાસે વીજચોરીની બાકી લેણી રકમ ભરપાઈ કરી આપેલ નથી તેમજ પ્રતિવાદીએ તેમના વકીલશ્રી મારફતે વીજ કંપનીની નોટીસમાં જણાવેલ સમય વિત્યા બાદ તા–૦૩/૦૬/૨૩ નાં રોજ નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે, જેથી દાવો લાવવાની ફરજ પડેલ છે.

વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે હાલમાં વીજ ચોરીના બીલની રકમ રૂા. ૬૨,૮૦,૮૬૩–૯૦ પૈસા, તથા જી.ઈ.આર.સી.સેકશન–૭ ના કલોઝ નં–૭.૧૭ મુજબ તા–૦૭/૦૨/૨૨ થી તા–૦૯/૧૧/૨૩ સુધીના ડી.પી.સી. ચાર્જની રકમ રૂા. ૧૯,૪૭,૬૯૮–૯૧ પૈસા મળી કુલ રકમ રૂા. ૮૨,૨૮,૫૬૨–૮૧ પૈસા પૈકી સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૨,૦૯,૯૯૧/–બાદ થતા રકમ રૂા. ૮૦,૪૫,૫૭૦–૭૦ પૈસા વસુલ મેળવવાના બાકી રહે છે. આ રકમ વસુલ મેળવવા માટે વાદી હકકદાર છીએ તેમજ આવી રકમ વસુલ આપવા માટે પ્રતિવાદી જવાબદાર છે. આમ પ્રતિવાદી પાસેથી વાદી કંપનીની વીજચોરીની બાકી રકમ વસુલ મેળવવા દાવો રજુ કરવાની જરૂર પડેલ છે.

આ કામના પ્રતિવાદી વીજજોડાણ ધરાવતા હોવા છતાં વીજચોરી કરેલ છે. આમ વીજ વપરાશ, વીજચોરી તેમજ અન્ય ચાર્જીસ વિગેરેની તમામ રકમો વાદી વીજ કંપનીને ભરપાઈ કરી આપવા માટે આ કામના તમામ પ્રતિવાદીઓ સંયુકત અને વિભકત રીતે જવાબદાર છે તેમજ આવી તમામ રકમો વસુલ મેળવવા માટે વાદી વીજ કંપની હકકદાર છીએ. આવા કારણોસર આ કામે વીજચોરીવાળા સ્થળની જમીનના તમામ ધારકોને આ કામે જોડવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદી તા–૦૭/૦૧/૨૨ નાં રોજ વીજચોરી કરતા પકડાયેલ છે જેથી  વાદી તરફથી આ કામના પ્રતિવાદી સામે લાવવામાં આવેલ દાવો લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબ વીજચોરી થયા તા–૦૭/૦૧/૨૨ થી બે વર્ષ સુધીમાં પ્રતિવાદી પાસેથી વીજચોરીની લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે.

આ દાવાનું કારણ આ કામના પતિવાદી તા–૦૭/૦૧/૨૨ નાં રોજ વીજચોરી કરતા પકડાયેલ હોવાથી તે તરીખના રોજ તથા પ્રતિવાદીને વાદી વીજ કંપનીના વકીલશ્રી મારફતે તા–૧૭/૦૪/૨૩ નાં રોજ લીગલ નોટીસ આપવામાં આવેલ ત્યારે ઉત્પન્ન થયેલ છે.

દાવામાં જણાવેલ વીજચોરીનો બનાવ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના કારીયાણી ગામે બનેલ છે, આમ સદરહું વીજચોરી કોર્ટની હકુમતમાં થયેલ હોય, તેમજ વીજજોડાણ નામદાર કોર્ટની હકુમતનું હોય, તેમજ વાદી તથા પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોય, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના નાંણાકીય મર્યાદાના નોટીફીકેશન નંબર–સી. ૦૨૦૨/૧૯૯૨, તા–૧૬/૯/૨૦૧૯ મુજબ આ દાવાની રકમ રૂા. ૨૫,૦૦,૦૦૦/– થી વધુ છે.

વાદીનો હાલનો દાવો આ કામના પ્રતિવાદી પાસેથી વીજચોરીની રકમ રૂા. ૮૦,૪૫,૫૭૦–૭૦ પૈસા વસુલ મેળવવા માટેનો હોવાથી દાવાનો આંક તેટલી જ રકમનો આંક બાંધી વાદીના દાવાની રકમ ઉપર ગુજરાત કોર્ટ ફી એકટ–૨૦૦૪ ના શીડયુલ–એ મુજબ દાવાની રકમ અન્વયે દાવો દાખલ કરવા માટે થતી કોર્ટ ફીની રકમ રૂા. ૬૬,૪૫૦/– નો જયુડીશ્યલ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ રાખેલ છે.

સબબ દાવો કરી દાદ માંગેલ છે કે,વાદી વીજ કંપનીનાં આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીની રકમ રૂા. ૮૦,૪૫,૫૭૦–૭૦ પૈસા પુરાં વસુલ મેળવવાના બાકી રહે છે. સદરહું રકમ દાવો રજુ કર્યાથી રકમ વસુલ થતા સુધી વાદી કંપનીનાં વ્યાજ અંગેના સપ્લાય કોડના

નિયમ–૭.૧૭ પ્રમાણે ૧૬% નાં ચઢતા વ્યાજથી તથા ડીલે પેમેન્ટ ચાર્જીસ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ થઈ શકે તેવુ હુકમનામુ  વાદી વીજ કંપનીનાં લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા મહે. કરશોજી તથા ન્યાય તથા સબન્યાયનાં ધોરણે મળતી અન્ય દાદ અપાવશોજી તથા આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

**<u>(૨) વાદીના દાવા સામે પ્રતિવાદીઓના જવાબની ટુંકમાં હકીકત.</u>**

(૨.૧) વાદીનો દાવો ખરો નથી, અંતિમ હેતુસર કરેલ હોય દાવો ટકવાપાત્ર ન હોય ખર્ચ સહિત રદ કરવા અરજ છે.

(૨.૨) વાદીના દાવાને મિસજોઈન્ડર ઓફ પાર્ટીનો બાદ આવતો હોય, દાવો ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ છે.

(૨.૩) તેમજ વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૬ રુલ્સ–૧૫(૩) મુજબ માં જણાવેલ પ્રબંધો મુજબનો ન હોય વાદીએ ઈકરાર તથા સોગંદપર વિગત જણાવેલ ન હોય વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ છે.

(૨.૪) દાવા અજરી પેરા–૧ અંગેની હકીકત અમો જાણતા ન હોય, વાદીએ આ વિગત સ્પસ્ટ રીતે સાબિત કરવી જોઈએ જેથી હાલના તબકકે આ પેરાની વિગત સ્વીકારતા નથી.

(૨.૫) દાવા અરજી પેરા–૨ અંગે જણાવવાનું કે તા. ૨૫/૦૨/૨૦૧૯ ના રોજ વાદી પાસે પ્રતિવાદીએ ૬૮ કિલો વોટનું વિજ જોડાણ મેળવવા અરજી કરેલ હોવાની અને તેની સાથે બાહેંધરી ખત, ભાડાખત, કુલ મુખત્યારનામું. બાહેંધરી વિગેરે રજુ કરેલ હોવાની અને પ્રતિવાદી નં. ૧ નામે ચાલતી વઢવાણ તાલુકાના મોજે કારીયાણીના ખાતા નં. ૫૫૭ થી જુનો રે.સ.ન. ૭૬/પૈકી–૧ નવો સર્વે નં. ૨૯૨ વાળી સીમ જમીનમાં

ઔદ્યોગિક હેતુ માટે વિજ જોડાણ માંગેલ હોવાની વિગત તેમજ અમો પ્રતિવાદી તરફથી બાહેંધરીખત વિજ કંપનીની તરફેણમાં કરેલ હોવાની, અને ટેસ્ટ રીપોર્ટ બાદ વાદી દ્વારા પ્રતિવાદીને વિજ જોડાણ અંગેની કાર્યવાહી કરી અને માંગ્યા મુજબનું વીજ જોડાણ આપેલ હોવાની અને ગ્રાહક નં. ૨૪૮૦૬/૦૦૩૨૧/૨ આવેલ હોવાની અને જેના દ્વારા અમો વિજ વપરાશ કરતા હોવાની વિગત ખરી નથી. અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે વાદી દ્વારા પ્રતિવાદી નં. ૧ સત્યમ એન્ટરપ્રાઈઝના નામનું કોઇ વિજ જોડાણ આપવામાં આવેલ નથી તેમજ આવુ વીજ જોડાણ સત્યમ એન્ટરપ્રાઈઝના નામથી માંગેલ હોય તેવું પણ બનેલ નથી. અને સત્યમ એન્ટરપ્રાઈઝના નામથી કોઇ ભાગીદારી પેઢી રજીસ્ટર થયેલ હોય અને તેનો રજીસ્ટર નંબર આવેલ હોવાની કોઈ જ વિગત બનેલ નથી. જેથી વાદી જણાવે છે તેવું વીજ જોડાણ સત્યમ એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના નામે માંગવામાં આવેલ નથી કે વાદી દ્વારા આપવામાં આવેલ નથી. એટલું જ નહી સદરહું વીજ જોડાણ કારીયાણી ગામની રે.સ.નં. ૨૯૨ વાળી સીમ જમીનમાં માંગેલ હોય અને આ જમીન સત્યમ એન્ટરપ્રાઈઝના નામે આવી સીમ જમીન આવેલ હોય તેવું પણ બનેલ નથી. જેથી વાદીના દાવા પેરા–૨ ની વિગત કબુલ કરતા નથી.

(૨.૬) દાવા અરજી પેરા–૩ અંગે જણાવવાનું કે, વાદી કંપનીના ગ્રાહક હોવા છતા તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ વીજ કંપનીના અધિકારી પી.વી. પંચાલ નાયબ ઈજનેર તથા એ.એમ.ખોખર આસિસ્ટન્ટ લાઈન મેન તથા વીજ કંપનીના અન્ય કર્મચારી દ્વારા અમો પ્રતિવાદીના ઔદ્યોગિક સ્થળે પ્લાન્ટ પર વીજ ચેકિંગ કરેલ હોવાની અને તે દરમ્યાન વીજ કનેકશન માટેના ટ્રાન્સફોર્મરની એલ.ટી. સાઇડથી એક કાળા રંગના આશરે ૧૨ મીટરના કેબલ દ્વારા મીટરને બાયપાસ કરી ડાયરેકટ લોડ સાઇડના ફ્યુજમાં આપી મીટર બાયપાસ કરી મીટર ફરતુ

અટકાવીને પ્લાન્ટના વીજ ઉપકરણો ગેરકાયદેસર રીતે ચલાવીને ૯૧ હોર્સ પાવરની વીજ ચોરી કરતા માલુમ પડેલ હોવાની વીગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે વાદી જણાવે છે તેવો પ્લાન્ટ અમો પ્રતિવાદીની માલિકી કબજા ભોગવટામાં આવેલ હોય તેવુ નથી. અને સદર પ્લાન્ટમાં વાદી કંપનીના અધિકારીઓએ વીજ ચેકિંગ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમજ વાદી કંપનીના અધિકારી દ્વારા કહેવાતા સ્થળેથી રોજ કામ કરી અને મીટર ઉતારેલ હોય તેવુ બનેલ નથી. સ્થળપર પ્રતિવાદીની હાજરી કે માલિકીની જગ્યા આવેલ નથી. તેમ છતા આવી ખોટી વિગત જણાવી અમારી સામે ખોટો દાવો દાખલ કરેલ છે.

(૨.૭) દાવા અરજી પેરા–૪ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.અમો પ્રતિવાદીની માલિકી કબજાની ચેકિંગ વાળી જગ્યા આવેલ નથી. ચેકિંગ સમયે બળદેવભાઇ હેમંતભાઇ હાજર નથી. અને ચેકિંગ શીટમાં સહી કરવાની ના પાડેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમજ સ્થળપર કોઇ રોજ કામ કરવામાં આવેલ હોય તેવું પણ બનેલ નથી. તથા વીજ ચોરી અંગેના ફોટા પાડવામાં આવેલ હોય તેમજ એનેક્ષર–૪ મુજબ થ્રી ફેઇઝ વીજ મીટર, મીટર પેટી, ૧૨ મીટર કાળા કલરનો વાયર કબજે કરવામાં આવેલ નથી. આવી કોઇ હકીકત અમો પ્રતિવાદીના કબજા ભોગવટા વાળી કોઇ જગ્યામાં બનેલ નથી. એટલું જ નહી આ કામના વાદી દ્રારા કહેવાતી વીજ ચોરી અંગે અમો પ્રતિવાદી નં. ૩ સામે ફોજદારી સ્પે.ઇલે.કેસ નં. ૬૭/૨૦૨૧ થી દાખલ કરેલ જે નામદાર એડી.સેશન્સ જજ તથા સ્પે.ઇલે.સીટી કોર્ટમાં ચાલી જતા સદર કેસમાં આ કામના પ્રતિવાદી નં. ૨ સામેનો કેસ ચાલી જતા આ કામના વાદીના કહેવાતા વીજ ચોરી અંગેના કથનો તથા માલીકી અંગેનો કોઇ આધાર રજુ થયેલ ન હોય તે હકીકત ધ્યાને લઇ અને વીજ ચોરીનો ગુન્હો ના સાબિત માની શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ છે. એટલે કે નામદાર એડી.સેશન્સ કોર્ટે પણ તેઓના

ચુકાદામાં સ્પસ્ટ રીતે નોંધેલ છે કે સ્થળ ઉપરથી ૧૨ મીટર વીજ વાયર કબજે કરેલ હોય તેવું સાબિત થતુ નથી. તેમજ સ્થળ પરથી કોઇ મુદ્દામાલ કબજે લીધેલ હોય અને તે રેકર્ડ પર રજુ કરેલ ન હોય તેવુ જણાઇ આવતું હોવાનું માની તેમજ માલીકી તથા કબજા ભોગવટા અંગેના દસ્તાવેજી પુરાવા રજુ ન થયેલ હોવાનું માની અને ગુન્હાના કામે છોડી મુકવામાં આવેલ છે. તેમજ કહેવાતી ફરીયાદ કે જેમાં સત્યમ એન્ટરપ્રાઇઝ દર્શાવેલ છે. પરંતુ મનસુખભાઇ હેમંતભાઇ ભાલાળાના નામનો ફરીયાદમાં ઉલ્લેખ નથી. તેમજ સત્યમ એન્ટરપ્રાઇઝ મનસુખભાઇ હેમંતભાઇ ભાલાળાની માલિકીનુ આવેલ હોય તેવું પણ ખુલેલ નથી જે હકીકત માની અને ફોજદારી કેસમાં છોડી મુકવાનો હુકમ કરેલ છે. આમ દાવા પેરા–૪ની વિગતે કોઇ જ કાર્યવાહી અમો પ્રતિવાદીની માલીકીની જગ્યામાં થયેલ હોય તેવું બનેલ નથી. જેથી દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

(૨.૮) દાવા અરજી પેરા–૫ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી. અમો પ્રતિવાદીઓએ રૂા. ૬૨,૮૦,૮૬૩–૯૦/– ની વીજ ચોરી કરેલ હોય તેમજ રૂા. ૭,૨૯,૨૨૪/–તેના પર કમ્પાઉન્ડીંગ ચાર્જ થતો હોય તે અંગેનું બિલ અમોને મોકલવામાં આવેલ હોય અને અમારી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન સુરેન્દ્રનગરમાં ગુન્હા રજી.નં. ૧૫૯/૨૦૨૨ થી એફ.આઇ.આર નોંધાવેલ હોવાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે વાદી જણાવે છે તેવી વીજ ચોરીની ફરીયાદ અમો પ્રતિવાદીઓ સામે થયેલ નથી. સદર ફરીયાદ સત્યમ એન્ટરપ્રાઇઝના નામે કરવામાં આવેલ અને સત્યમ એન્ટરપ્રાઇઝના અમો માલીક હોય કે ભાગીદાર હોય તેવો પણ કોઇ પુરાવો રજુ થયેલ નથી. એટલે કે સદર ફરીયાદ જેની સામે કરવામાં આવેલ તેની સામે ચાર્જશીટ થયેલ નથી. અને જેની સામે ચાર્જશીટ થયેલ તેની સામે ફરીયાદ થયેલ નથી. જેથી

પણ વાદીના દાવા પેરા–પ ની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

(૨.૯) દાવા પેરા–૬ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી. અમો પ્રતિવાદીઓને મીટર લેબોરેટરીમાં ચેકિંગ માટે તા. ૦૧/૧૧/૨૦૨૨ ના રોજ નોટીસ આપવામાં આવેલ હોય અને તા. ૨૩/૧૧/૨૦૨૨ ના રોજ વીજ મીટરનું લેબોરેટરીમાં અધિકારીઓ દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ હોય અને આ પરીક્ષણ સમયે અમો હાજર રેહલ હોય અને અમોએ સહી કરેલ હોય તેવું પણ બનેલ નથી.

ખરી હકીકતે વાદીની કહેવાતી મીટર ટેસ્ટ અંગેની કાર્યવાહી અમો પ્રતિવાદીના મીટરની કરવામા આવેલ નથી. અમારા નામે આવુ કોઈ મીટર આવેલ નથી. અમોને કોઈ નોટીસ આપવામાં આવેલ નથી કે મીટર પરીક્ષણ સમયે હાજર રહેલ હોય અને સહીઓ કરી આપેલ હોય તેવું બનેલ નથી. જેથી દાવા પેરા–૬ ની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

(૨.૧૦) દાવા પેરા–૭ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી. નામદાર ગુજરાત હોઈકોર્ટે વીજ બીલની ૫૦ % રકમ ભરપાઈ કરી આપવા આદેશ કરેલ હોય તેવુ બનેલ નથી.

(૨.૧૧) દાવા પેરા–૮ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

(૨.૧૨) ખરી હકીકતે વાદી દ્વારા અમો પ્રતિવાદીઓને ખોટી વીગત જણાવી નોટીસ આપેલ જેથી અમો પ્રતિવાદીના વકીલ દ્વારા વાદીની નોટીસનો જવાબ તા.૦૩/૦૬/૨૩ ના રોજ આપવામાં આવેલ છે. જે જવાબની વિગત ખરી અને સત્ય છે. જેથી પણ વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ છે.

(૨.૧૨) દાવા પેરા–૯ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે વાદીએ સૌથી પહેલા વીજ ચોરી વાળી જગ્યા અંગે અમો માલિક અને કબજેદાર હોવાની વીગત સાબિત કરવી જોઇએ તેમજ વીજ ચેકિંગ અંગેની વીગત સાબિત કરવી જોઇએ, જે અંગે ફોજદારી કેસમાં નામદાર એડી.સેશન્સ કોર્ટ દ્વારા પોતાના ચુકાદામાં સ્પસ્ટ અવલોકન કરવામાં આવેલ છે કે સદર વીજ ચોરી વાળી જગ્યા કે માલીકી અમો પ્રતિવાદીઓની હોય અને ત્યાં વીજ ચોરી થયેલ હોય તેવુ સાબિત થયેલ નથી. તેવા સંજોગોમાં આ પેરામા જણાવેલ વિગતે કોઇ રકમ અમારી પાસે વાદી વસુલ મેળવવા હકકદાર બનતા નથી જેથી પણ વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ છે.

(૨.૧૩) દાવા પેરા–૧૦ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે અમો પ્રતિવાદીઓ વીજ જોડાણ ધરાવતા નથી, વીજ ચોરી કરેલ નથી, અમો વીજ ચોરીની રકમ ભરપાઈ કરવા સંયુકત કે વિભકત રીતે જવાબદાર નથી અને વાદી આ રકમ મેળવવા હકકદાર નથી. તેમજ વીજ ચોરી વાળા સ્થળની જમીનના અમો તમામ પ્રતિવાદીઓ જમીન ધારક નથી કે સદર જમીનના માલિક નથી. જેથી પણ અમોને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ હોય અને અમારી સામે હાલનો દાવો ટકવા પાત્ર ન હોય રદ કરવા અરજ છે.

(૨.૧૪) દાવા પેરા–૧૧ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ કે કયારેય અમોએ વીજ ચોરી કરેલ નથી જેથી અમારી સામે હાલનો દાવો લાવવા હકકદાર ન હોય તેમજ વાદી હાલનો દાવો સમય મર્યાદામાં લાવેલ ન હોય, ખર્ચ સહીત દાવો રદ કરવા અરજ છે.

(૨.૧૫) દાવા પેરા–૧૨ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે તા. ૦૭/૧/૨૦૨૨ ના રોજ કે કયારેય વીજ ચોરી કરતા અમો પકડાયેલ નથી. તેમજ અમોને તા. ૧૭/૦૪/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ આપવામાં આવેલ નથી અને અમારી સામે ત્યારથી આ દાવાનું કારણ ઉત્પનન થયેલ નથી. એટલું જ નહી વીજ ચોરી વાળી જગ્યાના અમો માલીક કે કબજેદાર ન હોય અમોએ આવી કોઇ વીજ ચોરી કરેલ ન હોય જેથી અમારી સામે હાલના દાવાનું કારણ ઉત્પન થયેલ ન હોય દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

(૨.૧૬) દાવા અરજી પેરા–૧૩ અંગે જણાવવાનું કે આ પેરાની વીગત ખરી નથી.

ખરી હકીકતે અમોએ કોઇ પણ રકમની વીજ ચોરી કરેલ ન હોય જેથી અમારી સામે હાલનો દાવો ચલાવવા કોઇ હકુમત ન હોય દાવો રદ કરવા અરજ છે.

(૨.૧૭) દાવા પેરા–૧૪ અંગે જણાવવાનું કે આ અંગે અમો કશુ જાણતા નથી.

(૨.૧૮) દાવા પેરા–૧૫ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

ખરી હકીકતે અમો પ્રતિવાદીએ કહેવાતી કોઇ વીજ ચોરી કરેલ ન હોય અમારી પાસે કોઇ બાકી લેણી રકમ રહેતી ન હોય જેથી આ કામના વાદીને હોદ્દાની રૂએ કાયદેસરની કાર્યવાહી કરવા સત્તા અને અધિકાર આવેલ ન હોય, તેમજ વાદીએ તમામ દસ્તાવેજ રજુ કરેલ ન હોય, જેથી અમારી સામે વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

(૨.૧૯) દાવા પેરા–૧૬ અંગે જણાવવાનું કે આ પેરાની વિગત ખરી નથી અમો કબુલ કરતા નથી.

(૨.૨૦) દાવા પેરા–૧૭ સબ પેરા અંગે જણાવવાનું કે,સમગ્ર હકીકત ઉપર જવાબમાં જણાવ્યા મુજબની આવેલ હોય, વીજ ચોરી વાળી જગ્યા અમો પ્રતિવાદીઓના માલિકી કબજાની આવેલ ન હોય, અમોએ કોઇ વીજ ચોરી કરેલ ન હોય અમો પ્રતિવાદી નં. ૧,૩ તથા ૪ સામે કોઇ ફોજદારી ફરીયાદ થયેલ ન હોય અમોએ આવી કોઇ વીજ ચોરી કરેલ ન હોય જેથી વાદીએ આ પેરામાં માંગેલ દાદ અમો પ્રતિવાદીઓ સામે મળવા પાત્ર ન હોય અને અમારી સામે ખોટી વિગત દર્શાવી વાદી હાલનો દાવો લાવેલ હોય દાવો ખર્ચ સહીત રદ કરવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવા અરજ છે.

(૪) વાદી તરફે દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| | **–:: મૌખિક પુરાવા::–** | |
|---|---|---|
| **ક્રમ.** | **વિગત** | **આંક** |
| ૧ | વાદી કંપની તરફે નાયબ ઈજનેર શ્રી પરેશ પંચાલનાઓનું સરતપાસનું સોગંદનામું | ૧૬ |

| | **–:: દસ્તાવેજી પુરાવા::–** | |
|---|---|---|
| **ક્રમ.** | **વિગત** | **આંક** |
| ૧ | વીજ જોડાણ મેળવવા માટેનું અરજી પત્રકની ખરી નકલ | ૨૪ |
| ૨ | ગામ નમુનાં નં.૮–અની ખરી નકલ | ૨૫ |
| ૩ | ગામ નમુનાં નં.૭ની ખરી નકલ | ૨૬ |
| ૪ | બાંહેધરી ખતની ખરી નકલ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૫ | ભાડાખતની ખરી નકલ | ૨૮ |
| ૬ | કુલ મુખત્યારનામુંની ખરી નકલ | ૨૯ |
| ૭ | બાંહેધરી ખત તા.૧૧.૩.૧૯ની ખરી નકલ | ૩૦ |
| ૮ | બાંહેધરી તા.૧૨.૩.૧૯ની ખરી નકલ | ૩૧ |
| ૯ | ટેસ્ટ રીપોર્ટની ખરી નકલ | ૩૨ |
| ૧૦ | તપાસણી અહેવાલ (ચેકીંગ શીટ)ની ખરી નકલ | ૩૩ |
| ૧૧ | વીજ ચેકીંગ સમયનું રોજકામની ખરી નકલ | ૩૪ |
| ૧૨ | વીજ ચેકીંગ સમયના ફોટા નંગ–૫ની ખરી નકલ | ૩૫ |
| ૧૩ | વસ્તુ કબજે કર્યાનું એનેક્ષર–૪ની ખરી નકલ | ૩૬ |
| ૧૪ | ગેટ પાસની ખરી નકલ | ૩૭ |
| ૧૫ | વીજચોરી બીલનો ફોરવર્ડીંગ પત્રની ખરી નકલ | ૩૮ |
| ૧૬ | વીજચોરીનું પુરવણી બીલની ખરી નકલ | ૩૯ |
| ૧૭ | કમ્પાઉંડીંગ ચાર્ઝનું બીલની ખરી નકલ | ૪૦ |
| ૧૮ | પો.સ્ટે. ફરીયાદ નોંધવાનો ફોરવર્ડીંગ પત્રની ખરી નકલ | ૪૧ |
| ૧૯ | પો.સ્ટે આપેલ લેખીત ઓનલાઇન ફરીયાદની ખરી નકલ | ૪૨ |
| ૨૦ | એફ.આઇ.આર.ની ખરી નકલ | ૪૩ |
| ૨૧ | વીજચોરી બીલનો ફોરવર્ડીંગ પત્રની ખરી નકલ | ૪૪ |
| ૨૨ | કેલકયુલેશન શીટ એનેક્ષર–૧૧ની ખરી નકલ | ૪૫ |
| ૨૩ | વીજચોરીનું પુરવણી બીલની ખરી નકલ | ૪૬ |
| ૨૪ | સ્પે.સી.એપ્લી નં.૩૧૩૪/૨૨ નો હુકમની ખરી નકલ | ૪૭ |
| ૨૫ | લેબોરેટરીમાં હાજર રહેવાની નોટીસની ખરી નકલ | ૪૮ |
| ૨૬ | લેબોરેટરી ટેસ્ટીંગ રીપોર્ટની ખરી નકલ | ૪૯ |
| ૨૭ | ખાતાનો ઉતારોની ખરી નકલ | ૫૦ |
| ૨૮ | સ્થળ  તપાસનું રોજકામની ખરી નકલ | ૫૧ |
| ૨૯ | સ્થળ તપાસ સમયનો ફોટો–૨ની ખરી નકલ | ૫૨ |
| ૩૦ | વકીલશ્રીએ આપેલ લીટલ નોટીસની સ્થળપ્રત નકલ | ૫૩ |
| ૩૧ | રજી.એડી.કર્યાની સ્લીપ નંગ–૪ અસલ | ૫૪ |
| ૩૨ | એકનોલેજમેન્ટ નંગ.૩ અસલ | ૫૫ |
| ૩૩ | પ્રતિવાદીએ વકીલશ્રી દ્વારા આપેલ જવાબ અસલ | ૫૬ |
| ૩૪ | ડી.પી.સી. કેલકયુલેશન શીટ અસલ | ૫૭ |

| | | |
|---|---|---|
| ૩૫ | ડી.પી.સી. કેલક્યુલેશન શીટ અસલ | ૫૮ |
| ૩૬ | પ્રફોર્મ નં–૧૨ અસલ | ૫૯ |
| ૩૭ | વ્યાજના કલોઝ અંગેનું ગર્વમેન્ટ ગેઝેટની નકલ | ૬૦ |

(૫) પ્રતિવાદી તરફે દાવા અરજીના જવાબના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

| | **–:: મૌખિક પુરાવા::–** | |
|---|---|---|
| **ક્રમ.** | **વિગત** | **આંક** |
| ૧ | પ્રતિવાદી નં.૩ મનસુખભાઇ હેમંતભાઇ પટેલ/ભાલાળાનું સરતપાસનું સોગંદનામું | ૬૬ |

(૬) હાલના કામે વાદી તથા પ્રતીવાદીઓ તર્ફે લેખીત દલીલો ધ્યાને લીધી.

(૭) આ કામે વાદીની દાવા અરજી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખિત જવાબ ધ્યાને લઈ નિર્ણય માટે મારા પુરોગામી વિ.ન્યાયાધીશ ધ્વારા **આંક–૧૪ થી નીચે મુજબના મુદદાઓ ઘડવામાં આવેલ છે.**

1. Whether the plaintiff proves that the plantiff is entitled to recover Rs.80,45,570.70/- paisa from the defendant?
2. Whether the plaintiff is entitled to get interest ? If yes, at what rate ?
3. What is the final order & decree ?

**(૮) ઉપરોકત મુદદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે.**

૧. હકારમાં

૨. હકારમાં

૩. આખરી હુકમ

**<u>(૯) પુરાવાનું મુલ્યાંકન તથા નિર્ણય ઉપર આવવાના કારણો.</u>**

(૯.૧) વાદી તરફે નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., વઢવાણ સબ ડીવીઝન શ્રી પરેશ પંચાલનાઓ નું પુરાવાનું સોગંદનામું આંક–૧૬ થી રજુ રાખેલ છે. સદર સાહેદ તેમના પુરાવાના સોગંદનામામાં દાવા અરજીની હકીકત જણાવતા હોઈ જેથી પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી.

સદર સાહેદની પ્રતિવાદી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે,એ વાત ખરી નથી કે અમો એ હાલનો દાવો દાખલ કરતા અગાઉ બનાવ અંગેની પોલીસ ફરીયાદ મે માત્ર મનસુખભાઈ એક વ્યકતી પર કરેલ.

એ વાત મને હાલ ખબર નથી કે મે કરેલ ફરીયાદ ના આધારે સદરહુ કામે સ્પે.કેસ નંબર ૬૭/૨૦૨૨ થી નોંધાયેલ અને તે મનસુખભાઈ હેમંતભાઈ સામે ચાલેલો.એ વાત ની મને ખબર નથી કે તે કામ મા આરોપીને નીર્દોસ ઠરાવી છોડી મુકેલ છે.

એ વાત ખરી છે કે સ્પે.કેસ નંબર ૬૭/૨૦૨૨ ના કામે મારે જુબાની થયેલી છે.એ વાત ની મને ખબર નથી કે સ્પે. કેસ નંબર ૬૭/૨૦૨૨ ના કામે માલીકી અંગે અમો એ કોઈ આધાર પુરાવો પોલીસ સમક્ષ રજુ કરેલા નહી.સાહેદ સ્વેછાએ જણાવે કે અમારે માલીકીના પેપર આપવાના થતા નથી.

એ વાત મને ખબર નથી કે તે ગુન્હાના કામે અન્ય કોઇ આરોપી નુ ચાર્જશીટ થયેલ છે કે કેમ.

એ વાત ની મને ખબર નથી કે હાલનો દાવો સ્પે.કેસ નંબર ૬૭/૨૦૨૨ ના કામે મારી જુબાની થયા બાદ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે.

એ વાત ખરી છે કે આ દાવાના કામે અમારી કપંની નુ રજીસ્ટર થયા અંગેનુ લાયસન્સ જોડેલ નથી.

એ વાત નથી છે કે કોન્ટ્રાકટ એકટ મુજબ હાલના દાવાના કામે અમારો પ્રતીવાદી સામે કરાર કરેલ હોય તેનો કોઇ કરાર હાલના દાવાના કામે જોડેલ નથી.

એ વાત હાલ યાદ નથી કે સદરહુ દાવાના કામે ચેકીંગ વાળી જગ્યાનો સર્વે નંબર કે ક્ષેત્રફળ શુ હતો. સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે પીજીવીસીએલ ના ગ્રાહક હોય ઓફીસ રેકર્ડમા છે.

ચેકીંગ વાળી જગ્યા સત્યમ એટરપ્રાઇઝ તથા તેના પ્રોપરાઇટરના માલીકીની હતી.એ વાત ખરી નથી કે કોઇ પણ જગ્યાએ વીજ ચેકીંગમા જવાનુ હોય ત્યારે લેબ ટેકનીશયન ને સાથે રાખવાના હોય છે.

એ વાત ખરી નથી કે લેબ ટેકનીશયન જ જેતે સ્થળ ઉપર ચેકીગ કરીને જ કહી શકે કે વીજ ચોરી થયેલ છે કે કેમ?

એ વાત ખરી નથી કે વીજ મીટર જે તે સ્થળ ઉપર ચેકીંગ કરવાનુ હોય ત્યારે તેના સાધાનો ની આવશ્યકતા ઉભી થાય છે.

એ વાત ખરી છે કે આ ચેકીંગ વખતે અમારી સાથે કોઇ લેબ ટેકનીશયન હાજર ન હતો.સાહેદ સ્વેછાએ જણાવે કે સદર કેસમા ટી.સી. માથી ગ્રાહકે વધારાનો કેબલ વાપરી મીટરનો બાયપાસ કરી પાવર ચોરી કરતા હોય લેબ ટેકનીશયન ની જરુર જણાયેલ નહી.

એ વાત ખરી છે કે કોઇ પણ જગ્યાએ થી મીટર કાઢી અમારી કચેરીમા લાવવવાનુ હોય ત્યારે તે અંગે સ્થળ રોજકામ કરવાનુ હોય છે.

એ વાત ખરી નથી કે આ રોજકામમા મીટર ની તમામ વીગત સ્થીતી લખી અને તેમા ગ્રાહકની સહી લેવાની હોય છે.

એ વાત ખરી છે કે આ કામે લેબટેકશનીશયન ની હાજરીમા મીટર શીલ કરવામાં આવેલ નહી.

એ વાત ખરી છે કે વીજ મીટર ચેક કરવા માટે અમોને સ્પેશ્યલ સાધનો આપવામાં આવે છે.એ વાત ખરી નથી કે વીજ મીટર ચેક કરવા અંગેની તજજ્ઞ ટ્રીનીંગ આપવામાં આવે છે.

એ વાત ખરી છે કે વીજ મીટર ચેક કરવા અંગેની કોઇ ટ્રીનીંગ લીધેલ નથી કે તે અંગેનુ કોઇ પ્રમાણપત્ર ધરાવતો નથી.

એ વાત ખરી નથી કે મે ચેકીંગ શીટમા પ્રતીવાદીની સહી લીધેલ નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે મે તેમને કહેવા છતા તેઓએ સહી કરેલ નથી.

એ વાત ખરી છે કે ચેકીંગ શીટમા કોઇ તટસ્થ વ્યકતીની પણ સહી કરેલ નથી.સાહેદ સ્વેછાએ જણાવે છે કે સ્થળ ઉપર તપાસ કરતા કોઇ મળી આવેલ નહી.

એ વાત ખરી નથી કે સત્યમ એન્ટર પ્રાઇઝ , એસ .બી. આઇ. બેંક પાસે વડોદ નામથી કોઇ કનેકશન માટે અમારી કચેરીમા અરજી કરેલ હોય તે અમો એ હાલના દાવાના કામે રજુ કરેલ નથી.

એ વાત ખરી નથી કે મે જે રજુ કરેલ ફોર્મ છે તેમા કોઇ જ વીગત ભરેલ ના હતી.એ વાત ખરી છે  કે અમો એ રજુ કરેલ ફોર્મ મા કોઇ પ્રતીવાદીઓની સહી નથી.સાહેદ સ્વેછાએ જણાવે છે કે તેમા અરજદાર તરીકે મનસુખભાઇ હેમંતભાઇની સહી છે.એ વાત ખરી નથી કે મનસુખભાઇ ની સહી પાછળથી લેવામાં આવેલ છે.

એ વાત ખરી નથી કે સત્યમ એન્ટરપ્રાઈજ  ભાગીદારી પેઢીના નામથી વીજકનેકશન લેવા માટે કોઇ  અરજી કરેલ હોય તેવુ બનેલ નથી.

એ વાત ખરી નથી કે ચીલ્ડ પાન્લટ જે સત્યમ એટરપ્રાઇઝ ના નામનો આવેલ હોય તે બતાવતો કોઇ જ આધાર હાલના દાવાના કામે રજુ કરેલ

નથી.એ વાત ખરી નથી કે બનાવ વાળી જગ્યાએ જઇ રોજકામ કરેલ હોય અને ચીકીંગ શીટ ભરેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે કોઇ પણ ચેકીંગમા કોઇ વસ્તુ કબ્જે કરવામાં આવે તો તેનુ એનેક્ષર ૪ બનાવામાં આવે છે.

એ વાત ખરી છે કે આ કામે એનેક્ષર ૪ રજુ કરવામાં આવેલ છે.એ વાત ખરી છે કે ચેકીંગ દરમ્યાન જે કાંઇ પણ મુદામાલ કબ્જે કરેલ હોય તે અમારી સબ ડીવીજન કચેરીમા જમા કરવામાં આવે છે.એ વાત ખરી છે કે જે તે સમયે અમો મુદામાલ જમા કરાવીએ ત્યારે તેનો ગેટ પાસ પણ બનાવામાં આવે છે.એ વાત ખરી નથી કે આ કામે ગેટ પાસ રજુ કરવામાં આવેલ નથી.

એ વાત ખરી નથી કે આ કામે પ્રતીવાદી નંબર ૨ તથા ૩ તથા ૪ એ સત્યમ એન્ટર પ્રાઇઝ નામની પેઢીના ભાગીદાર હોય તે બતાવતો કોઇ અધીકૃત દસ્તાવેજ આ કામે રજુ થયેલ નથી.એ વાત ખરી નથી કે આ કામે ચેકીંગ વાળી જગ્યાના માલીક કે કબ્જેદાર હોય તે બતાવતો કોઇ આધાર દાવા સાથે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આ કામે પ્રતીવાદી નંબર ૨ તથા ૩ તથા ૩ માલીક કે ભાગીદાર છે તે બતાવતો કોઇ જ દસ્તાવેજ અમો એ આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આ કામે જે માલીકીનો આધાર રજુ કરેલ છે તે ખેતીની જમીન નુ રેવન્યુ રેકર્ડ છે. એ વાત ખરી નથી કે જે રેવન્યુ રેકર્ડ રજુ થયેલ તે સત્યમ એન્ટર પ્રાઇજ ના નામનુ નથી.

એ વાત ખરી નથી કે ચીલ્ડ પ્લાન્ટ છે તે કયા રેવન્યુ સર્વે નંબર પર હતો તે બતાવતો કોઇ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી.

એ વાત ખરી છે કે સત્યમ એન્ટર પ્રાઇજ નામની ભાગીદારી પેઢી નોંધાયેલી છે તે બતાવતો કોઇ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી.

એ વાત ખરી નથી કે  સત્યમ એન્ટર પ્રાઇજ બનાવ વાળી જગ્યાનો માલીક હોય તે બતાવતો કોઇ આધાર આ દાવાના કામે રજુ કરેલ નથી.

એ વાત ખરી નથી કે આ દાવાના  કામે અમો એ જે નોટીશો આપેલી તેમા કોઇ ની સહીઓ નથી.

એ વાત ખરી છે કે ડી.પી.સી ની ગણતરી કોઇ પણ ગ્રાહક ચુકવણામા મોડુ કરે ત્યારે ગણતરી કરવામાં આવતી હોય છે.

એ વાત ખરી નથી કે ૧૩૫ ની ફરીયાદ બીન ગ્રાહકના કીસ્સામા કરવામાં આવતી હોય છે.

એ વાત ખરી છે કે કોઇ પણ ગ્રાહક સામે રકમ વસુલ કરવામાટેના દાવો કરવામાં આવે ત્યારે એરીયર્સ ની ગણતરી ડીપીસીનુ ગણતરી કરવામાં આવે છે.

એ વાત ખરી નથી કે હાલનો દાવો એ ગ્રાહક સામે વસુલાત નો દાવો નથી.

એ વાત ખરી નથી કે આ કામના પ્રતીવાદીઓ કોઇ ભાગીદારી પેઢીના ભાગીદાર નથી કે તેઓના કબ્જમા દાવાવાળી મીલકત આવેલ નથી કે દાવાવાળી મીલકતના પ્રોપરાઇટ નથી.એ વાત ખરી નથી કે પ્રતીવાદીઓના નામે કયારેય વીજ જોડાણ માંગવામાં આવેલ નથી.એ વાત ખરી નથી કે હાલનો દાવો ખોટુ રેકર્ડ ઉભી કરી પ્રતીવાદીઓ સામે કરેલ હોય તેના સર્થનમા ખોટુ સોગંદનામુ રજુ કરેલ અને ઉલટ તપાસમા ખોટા જવાબો આપુ છુ.

(૯.૨) પ્રતિવાદી નં.૩ મનસુખભાઇ હેમંતભાઇ પટેલ/ભાલાળા ઓનું આંક–૬૬ થી સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે.તેઓએ તેમની સરતપાસમાં તેઓએ હાલના કામમાં રજુ કરેલ જવાબની વિગતો દોહરાવેલ છે.જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર તેઓના સરતપાસની વિગતો જણાવેલ નથી.

જયારે ઉલટતપાસમાં પ્રતિવાદીએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે હુ દાવાના તમામ હકીકતો નથી માહીતગાર છુ.મને આંક ૨૪ બતાવામાં આવે છે તેમા મારી સહી છે અને તેમા ફોટો

છે તે પણ મારો છે.એ વાત ખરી નથી કે આંક ૨૪ પ્રમાણે અમો એ ચીલર પ્લાન્ટ માટે  વીજ જોડાણ માટે અરજી કરેલ હતી.આંક ૨૪મા કોના અક્ષરો છે તેની મને ખબર નથી. આંક ૨૪ શુ છે તે હુ કહી શકુ નહી.હુ આઠ ધોરણ સુધી ભણેલ છુ.હુ ઈ મેઈલ એડ્રેસ ધરાવતો નથી .

આંક ૨૪ મા જે મો.નંબર ૯૬૦૧૨૯૨૫૧૨ તે મોબાઈલ નંબર મારો છે તથા બીજો નંબર ૯૮૨૫૫૯૧૬૭૧ પણ મારો જ છે.

એ વાત ની મને ખબર નથી કે આંક ૨૪ મે વીજ જોડાણ મેળવવા માટે વાદી કંપની ને કરેલ અરજી છે.મે વીજ જોડાણ મેળવેલ નથી.મે સત્યમ એન્ટર પ્રાઈઝ ના નામથી પણ વીજ જોડાણ મેળવેલ નથી.એ વાત ની મને ખબર નથી કે આંક ૨૪ ન અરજીમા મારી સહી છે તે સત્યમ એન્ટર પ્રાઈજ ના નામથી વીજ જોડાણ મેળવવાની અરજી છે.પ્રતીવાદી નંબર ૨ હેમંતભાઈ મારા પિતાશ્રી થાય છે.પ્રતીવાદી નંબર ૪ બળદેવભાઈ મારા ભાઈ થાય છે.જે જગ્યા એ વીજ જોડાણ મેળવેલ તે મારા પિતાશ્રીના માલીકીની હતી એ જગ્યાનો સર્વે નંબર ૨૯૨ કારીયાણી સીમ હેમંતભાઈ કુવરજીભાઈ પટેલના નામની છે.મને આંક ૨૭ બતાવામાં આવે છે તેમા મારી સહી છે જે હલકા દબાણ પર આપવાનુ બાહેંધરી ખત છે.મને આંક ૨૮ બતાવામાં આવે છે તેમા મારો ફોટો અને સહી છે અને મારા ભાઈ તથા પિતાશ્રીના ફોટા અને સહીઓ છે.આંક ૨૮ વાળો દસ્તાવેજ શુ છે તેની મનેખબર નથી.

એ વાત ની મને ખબર નથી કે આંક ૨૮ વાળુ ભાડા ખત અમો એ ભાડે આપનાર અને આ કામના પ્રતીવાદી નંબર  ૨ સાથે કરેલ છે તે અંગેની મને ખબર નથી.

એ વાત ની મને ખબર નથી આંક ૨૮ વાળુ ભાડા ખત અમો એ  સત્યંમ એન્ટર પ્રાઈઝના ભાગીદાર તરીકે કરેલ છે એ વાત ની મને ખબર નથી કે આંક ૨૮ વાળો ભાડા ખત વાદી કંપની ની કચીરમાથી ઓધોગીક હેતુમાટેનુ લાઈટ કનેકશન મેળવવા માટે કરેલ છે .એ વાત ની મને

ખબર નથી કે આંક ૨૮ વાળુ ભાડા ખત દશ વરસ માટે કરવામાં આવેલ હતુ.

મને આંક ૨૯ બતાવામાં આવે છે તેમા મારો તથા પ્રતીવાદી નંબર ૨ તથા ૪ નો ફોટો તથા સહી છે.

એ વાત ખરી નથી કે આંક ૨૯ વાળુ કુલમુખત્યાર નામુ પ્રતી નંબર ૨ અને ૪ નાએ અમોને સત્યંમ એન્ટર પ્રાઇઝ ના ભાગીદારો એ કરી આપેલ છે

એ વાત ખરી નથી કે આંક ૨૯ ના મુખત્યાર નામામા પેરા ૪ મુજબ પી.જી.વી.સ.એલ માથી કનેકશન મેળવવા માટે તમામ કામગીરી કરવા માટે સતા આપવામાં આવલ છે.મને આંક ૩૦ બતાવામાં આવે છે મારા તથા મારા પિતાશ્રી તથા મારા ભાઇ પ્રતીવાદી નંબર ૪ ના ફોટા તથા સહીઓ છે.એ વાત ખરી છે કે આંક ૩૦ એ બાંહેધરી ખત છે.

એ વાત ખરી નથી કે અમો એ આંક ૩૦ થી એવી બાંહેધરી આપેલ છે કે સત્યમ એન્ટર પ્રાઇઝ ના  નામની ભાગીદારી પેઢી કારીયાણી રેવન્યુ સર્વે નંબર ૨૯૨ મા શરુ કરેલ છે અને જે ભાગીદારી પેઢીનુ રજીસ્ટેશન અમો અમો એ રજીસ્ટ્રાર ઓફ ફોમ રાજકોટ મુકામે નોંધણી માટે અરજી કરેલ છે અને આ રજીસ્ટેશન આશરે સાત દીવસમા મળી જશે .એ વાત ખરી નથી કે આ બાંહેધરી ખત થી અમો એ પી.જી. વી.સી.એલ વઢવાણ માથી લાઇટ કનેકશન મેળવવાનુ હોય જેમા અમારે આર.ઓ. એફ ની નકલ રજુ કરવાની થાય છે પરંતુ આર.ઓ. એફ ની નકલ દીવસ ૭મા પી.જી.વી.સી.એલ કચેરી વઢવાણ રજુ કરી આપીશુ.

એ વાત મારા ધ્યાનમા નથી કે અમો એ આંક ૩૧ વાળુ બાંહેધરી ખત ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડમાથી એન.ઓ.સી. મેળવવા માટે આપેલ .એ વાત ખરી છે કે આંક ૩૧ મા મારી સહી તથા ફોટો છે.

એ વાત ની મને ખબર નથી કે આંક ૨૮ થી ૩૧ વાળા દસ્તાવેજો મહેન્દ્રસીહ રાવલ એડવોકેટ નોટરી રુબરુ કરેલા છે.

એ વાત ની  મને ખબર નથી કે અમારે ત્યા તારીખ ૭–૧–૨૦૨૨ ના રોજ પી.જી.વી.સી.એલ ના અધીકારી પાવર ચોરી ચેકીંગ માટે આવેલા હતા.

એ વાત ખરી છે કે પાવર ચોરી નુ બીલ મને આવેલ છે.

એ વાત ખરી નથી કે તારીખ ૭–૧–૨૦૨૨ ના રોજ અમારા સદર વીજ કનેશન નંબર ૨૪૮૦૬ /૦૦૩૨૧/૨ ના ચેકીગ કરતા માલુમ પડેલ કે વીજ કનેશન માટેના ટ્રાન્સફોરમર ની એલ.ટી સાઇટ થી એક કાળા રંગના આશરે ૧૨ મીટર કેબલ દ્રારા મીટર ને બાયપાસ કરી ડાયરેકટ લોડ સાઇડ ના ફ્યુજ મા આપેલ આમ વીજ મીટરને બાયપાસ કરી મીટર ફરતુ અટકાવી ને પ્લાન્ટના વીજ ઉપરકરણો ગેરકાયદેસર રીતે ચલાવી ૯૧ એચ.પી. ની વીજ ચોરી કરતા માલુમ પડેલ.

એ વાત ખરી નથી કે સ્થળ ઉપર આંક ૩૩ વાળી ચેકીંગ શીટ તૈયાર કરવામાં આવેલ

એ વાત ખરી નથી કે આંક ૩૪  થી સ્થળ ઉપર રોજકામ કરવામાં આવેલ તથા આંક ૩૫ ના ફોટાઓ પાડવામાં આવેલ તથા આંક ૩૬ મુજબ વીજચોરીના માલસામાન કબ્જે લેવામાં આવેલ તથા આંક ૩૭ મુજબ ગેટ પાસ કરવામાં આવેલ.

એ વાત ખરી છે કે આંક ૩૮ વીજ ચોરીના બીલ અંગેની નોટીશ તથા બીલ અમોને મળેલ છે.

એ વાત ખરી નથી કે મારુ કારખાનુ વડોદ એસ.બી.આઇ. બેંકની બાજુમા આવેલ છે.

એ વાત ની મને ખબર નથી કે આંક ૪૧ અને ૪૨  તથા ૪૩ વાળી ફરીયાદ કરેલ છે.

એ વાત ખરી છે કે પી.જી.વી.સીએલે જે બીલ ભરવાની નોટીશ આપેલી તેની સામે અમો એ હાઇકોર્ટ મા કેસ કરેલો હતો અને હાઇકોર્ટે ૫૦ ટકા રકમ ભરવાનુ જણાવાનુ કહેલ જે હુકમ આંક ૪૭ થી હાલના કામે રજુ છે.

એ વાત ની ખબર નથી કે મીટર અમારે ત્યાથી ઉતારી તે અંગે ની ચકાસણી બાબતેની મને કોઇ માહીતી નથી. વીઠલભાઇને હુઓળખતો નથી.

એ વાત ની મને ખબર નથી કે આંક ૪૮ થી લેબ ચકાસણીથી હાજર રહેવાની નોટીશ આપેલ હતી તથા આંક ૪૯ થી સયુકત લેબ ચકાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ હતો.

એ વાત ની મને ખબર નથી કે આંક ૫૩ વાળી નોટીશ વાદી કંપની એ મને આપેલ કે કેમ

નોટીશનો અમો એ તેનો જવાબ આપેલ છે કે કેમ તેની ખબર નથી.

મને આંક ૫૬ વાળી નોટીશ નો જવાબ બતાવામાં આવે છે તેમા મારી સહી છે તથા પ્રતીવાદી નંબર ૨ તથા ૪ તથા મારા વકીલ ની સહી છે.

એ વાત ખરી નથી કે અમો જાણી જોઇને આવી ખોટી જુબાની આપીએ છીએ.

આંક ૧૨ વાળો જવાબ તૈયાર કરેલો તેમા મારી સહી છે પરંતુ તેમા શુ વીગત છે તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે વકીલ સાહેબે જે જવાબ તૈયાર કરેલ તેમા મે સહી કરી આપેલી.

એ વાત ખરી નથી ક દાવાવાળી રકમ ન ભરવી પડે તેટલે ખોટી જુબાની આપી ખોટો જવાબ રજુ કરેલ છે.

**—:: તારણો ::—**

**(૧૦)<u>મુદા નં.૧ તથા ૨</u> :—**

આ કામે ઉપરોકત મુદાઓની તથા હકીકતોની ચર્ચા કરતા પહેલા વીજ ચોરીના કેસમાં સિવિલ કોર્ટને વીજચોરીના બીલ અંગેના દાવા ચલાવવાની હકૂમત રહેલ છે કે કેમ? તે અંગેની પ્રતિવાદી તર્ફે તકરાર ઉઠાવવામાં આવેલ હોય જેથી તેની ચર્ચા કરવી જરુરી બને છે.

આ કામે પ્રતિવાદી તર્ફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે જયારે પ્રતિવાદીઓ વિરુધ્ધ ધી ઇલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબનાં વીજચોરીના આક્ષેપ હોય ત્યારે તે અનુસંધાને ધી ઇલેકટ્રીસીટી એકટની કલમ–૧૫૪(૫), કલમ–૧૫૪(૬) હેઠળ સિવિલ જવાબદારી નકકી કરવાની રહે છે. જેથી સિવિલ જવાબદારી અંગે સ્પષ્ટ જોગવાઇ સ્પેશ્યલ કોર્ટને રહેલ હોય, અત્રેની કોર્ટને હાલનો દાવો ચલાવવાની તથા તેનો નિર્ણય કરવાની સત્તા રહેતી નથી અને તેમ જણાવી આ મુદ્દા ઉપર દાવો ડીસમીસ કરવા અરજ ગુજારેલ છે.

પ્રતિવાદીઓની આ રજુઆતની વિરુધ્ધમાં વાદીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સિવિલ અને કાયદાકીય જોગવાઈઓ અલગ–અલગ હોય અને ફોજદારી કાર્યવાહીમાં હકીકતો નિશંકપણે પુરવાર કરવાની રહે છે જયારે દીવાની કાર્યવાહીમાં પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો સિધ્ધાંત લાગુ પડે અને તેથી હાલનો દાવો ચલાવવા અત્રેની કોર્ટને હકુમત રહે છે.

બંને પક્ષકારોની રજુઆત સંદર્ભે જોઇએ તો જયારે કોઇ વ્યકિત વિરુધ્ધ ધી ઇલેકટ્રીસીટી એકટ હેઠળ વીજચોરીનો કેસ કરવામાં આવે ત્યારે સિવિલ કોર્ટને દાવો ચલાવવાની હકૂમત રહે છે કે કેમ? તે અન્વયે નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લાગુ પડે.

1. **Castron Technologies Ltd. Versus The Damodar Valley Corporation & Ors.; 2024 Supreme(SC) 1111**

> *4. **Even if theft of electricity is not established in prosecution, there is always a power vesting in Section 126 of the 2003 Act to issue a demand for unauthoized user of energy. Therefore,***

***acquittal of the appellant will not prevent the respondent from initiating proceedings under Section 126 of the 2003 Act.***

*5. As regards sub-section 5 of Section 154 of the 2003 Act, the Special Court gets jurisdiction to determine civil liability in the event it is found that the consumer or person concerned has committed theft of energy. In this case, the finding of the Court was that the charge of theft has not been established. Therefore, there were no occasion for the Special Court to make adjudication under sub-section 5 of Section 154 of the 2003 Act.*

આમ, ઉપરોકત ચુકાદામાંના સિધ્ધાંતો ધ્યાને લેતા સ્પષ્ટ છે કે, ધી ઇલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે જો કોઇ વ્યકિતને નિર્દોષ (Acquittal) ઠરાવવામાં આવે તો પણ તેવા કારણે તેઓને દીવાની રાહે વીજચોરીના બીલની રકમ ભરવાની પોતાની જવાબદારીમાંથી છુટકારો મળી જતો નથી અને જેથી તે અંગે સિવિલ રાહે કાર્યવાહી થઇ શકે. આથી ઉપરોકત સિધ્ધાંતોથી સ્પષ્ટ તારણ કાઢી શકાય કે ફોજદારી કાર્યવાહીમાં કોઇ વ્યકિતને તકસીરવાન ઠરાવવામાં આવે કે નિર્દોષ ઠરાવવામાં આવે તો તેના થી તેવી વ્યકિતની દીવાની રાહે ઉભી થતી જવાબદારીમાંથી તેઓને છુટ મળી જતી નથી. એટલે કે દીવાની રાહેથી થતી કાર્યવાહી ઉપર કોઇ અસર થતી નથી.

હવે, દીવાની રાહે કઇ કોર્ટમાં કાર્યવાહી થઇ શકે તે બાબતે જોઇએ તો નામદાર સુપ્રિમ કોર્ટે **North Delhi Power Limited (Now Known As Tata Power Delhi Distribution Ltd.) Versus Devinder Singh; 2017 (0) AIJEL-SC 63368** ના ચુકાદામાં સ્પષ્ટ સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે કે, સ્પેશ્યલ કોર્ટને દીવાની દાવો સાંભળવાની સત્તા રહેલ નથી અને તે જ રીતે તેવા જ સિધ્ધાંતો ના. ગુજરાત હાઇકોર્ટે નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે.

**1. RAJESHKUMAR GOVARDHANDAS MODI Versus PGVCL 2025 ; Supreme(GUJ) 220**

*8. The contention of the learned counsel for the petitioner that **only the Special Court is empowered to determine the civil liability is, thus, rejected.** No infirmity can be found in the order passed by the trial court in rejecting the application Exhibit 113 by the order impugned dated 17.10.2024, which is sought to be challenged only on the basis of the provisions of Section 154 of the Electricity Act, 2003 .*

**2. PASCHIM GUJARAT VIJ COMPANY LTD THROUGH Versus VITHHALBHAI DAHYABHAI @ VITHHALBHAI RAIYABHAI DUDHREJIA ; 2026 Supreme(Online)(Guj) 16932**

8. In view of the above, appeal is allowed. The impugned judgment and decree dated 29.08.2011 passed by the Special Judge, 3rd Additional Sessions Judge, Surendranagar in Regular Civil Suit No.149 of 2009 is quashed and set aside. The proceedings of Regular Civil Suit No.149 of 2009 is remanded back to the learned trial Court. Following the dictum of order of Hon'ble Supreme Court in case of North Delhi Power Limited (Now Known as Tata Power Delhi Distribution Ltd.) vs. Devinder Singh (supra), the suit being Regular Civil Suit No.149 of 2009 is restored before the Court of learned Principal Senior Civil Judge, Surendranagar, who in turn, is entitled to delegate / transfer the suit to any competent Court. Records and Proceedings, if any, lying with this Court, is ordered to be returned back to the competent Civil Court, forthwith.

આમ, સદર ચુકાદાઓ વંચાણે લેતા સ્પષ્ટ રીતે હાલનો દાવો સાંભળવા અત્રેની સિવિલ કોર્ટને સત્તા મળે છે.

આમ, ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને લેતા પ્રતિવાદીની હકુમત બાબતેની તકરાર ટકવાપાત્ર નથી અને તેથી અત્રેની કોર્ટને હાલનો દાવો ચલાવવા તથા સાંભળવા તથા તેનો નિર્ણય કરવા હકુમત રહે છે તેમ ઠરાવુ છુ.

**(૧૧)** હવે, હાલના કામે આ મુદા નં.૧ તથા ર અન્વયે જોઇએ તો હાલના કામે વાદીએ પ્રતિવાદીઓની વિરુધ્ધ તેવુ કથન કરેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી વીજ કંપનીના ગ્રાહક હોવા છતાં તા–૦૭/૦૧/૨૨ નાં રોજ વીજ કંપનીના અધીકારીઓ પી.વી.પંચાલ–નાયબ ઈજનેર, એ.એમ.ખોખર–આસી.લાઈનમેન તથા વીજ કંપનીના અન્ય કર્મચારીઓ ધ્વારા પ્રતિવાદીના ઔધ્યોગીક સ્થળ પ્લાન્ટ પર વીજ ચેકીંગ કરતા માલુમ પડેલ છે કે, વીજ કનેકશન માટેના ટ્રાન્સફોર્મરની એલ.ટી.સાઈડથી એક કાળા રંગના આશરે ૧૨ મીટર કેબલ ધ્વારા મીટરને બાયપાસ કરી ડાયરેકટ લોડ સાઈડના ફયુઝમાં આપેલ, આમ વીજ મીટરને બાયપાસ કરી મીટર ફરતુ અટકાવીને પ્લાન્ટના વીજ ઉપકરણો ગેરકાયદેસર રીતે ચલાવીને ૯૧ હોર્ષ પાવર ની વીજચોરી કરતા હોવાનું માલુમ પડેલ અને તે વીજચોરી બદલ વાદીના નીતી નીયમ મુજબ વાદીએ પ્રતીવાદીઓને વીજ ચોરી સપ્લીમેન્ટરી બીલ આપેલ અને તે વીજ ચોરી સપ્લીમેન્ટરી બીલની રૂ.એ વાદી રૂ. ૮૦,૪૫,૫૭૦–૭૦ પૈસા તથા તે રકમ જી.ઈ.આર.સેકશન –૭ ના કોલઝ નં.૭.૧૭ મુજબ થતી વ્યાજની રકમ પ્રતીવાદી પાસેથી વસુલ મેળવવા હકદાર બને છે.

હવે, વીજચોરી અંગેની હકીકતો આ કામે પુરવાર થાય છે કે કેમ? તે અંગે જોઇએ તો વાદીએ આંક–૧૬ થી પોતાના ઓફીસરશ્રી પરેશ પંચાલ , નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ વઢવાણ સબ ડીવીઝન

નાઓને તપાસેલ છે અને તેઓએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, પ્રતીવાદીઓના તયાં રેડ વખતે તેઓ હાજર રહેલ. વધુમાં તેઓએ આંક-૨૫ તથા આંક-૨૬ થી બનાવ સ્થળનો ગામ નમુના નં.૮ અ તથા ગામ નમુના નં.૭ ના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે.જે વંચાણે લેતા તેમાં જમીનના કબજેદાર તથા ખાતેદાર તરીકે પ્રતીવાદી નં. ૨ નું નામ દર્શાવામાં આવેલ છે.

વધુમાં વાદીએ આંક-૧૬ ના સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, વીજચેકીંગ દરમયાન ઉપરોકત વીગતે પ્રતીવાદી વીજચોરી કરીને વીજ વપરાશના સાધનોનો ઉપયોગ કરતા હોવાથી ચેકીંગ દરમયાન સ્થળ પર ચેકીંગ શીટ નં.એસ.એન.સી/૦૦૨૨૬૫ તૈયાર કરેલ , ચેકીંગ શીટમાં ચેકીંગ સમયે બળદેવભાઇ હુમંતભાઇ હાજર હતા પરંતુ ચેકીંગ શીટમા સહી કરી આપેલ નથી જેથી ચેકીંગ પાર્ટીના ઓફીસર દવારા સ્થ્ળ પર રોજકામ કરવામાં આવે તેમજ વીજ ચોરી થતી હોવા અંગેના ફોટા પાડવામાં આવેલ તેમજ એનેક્ષર-૪ મુજબ થ્રી ફેઝ વીજમીટર, મીટર પેટી, કાળા રંગનો કેબેલલ આશરે ૧૨ મીટર કબજે કરવામાં આવેલ. આ વાદીની પ્રતીવાદી દવારા ઉલટતાપાસ કરવામાં આવેલ તેમા પ્રતીવાદીએ નીચે મુજબની હકીકતો કબુલ રાખેલ છે.

'' એ વાત હાલ યાદ નથી કે સદરહું દાવાના કામે ચેકીંગ વાળી જગ્યાનો સર્વે નંબર કે ક્ષેત્રફળ શું હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે પીજીવીસીએલના ગ્રાહક હોય ઓફીસ રેકર્ડમાં છે.

એ વાત ખરી નથી કે મે જે રજુ કરેલ ફોર્મ છે તેમાં કોઇ જ વીગત ભરેલ ના હતી. એ વાત ખરી છે કે અમો એ રજુ કરેલ ફોર્મમાં કોઇ પ્રતીવાદીઓની સહી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમા અરજદાર તરીકે મનસુખભાઇ હેમંતભાઇની સહી છે. એ

વાત ખરી નથી કે મનસુખભાઇની સહી પાછળથી લેવામાં અવેલ છે.''

આમ, રેડવાળા સ્થળે કે જે વઢવાણ તાલુકાના મોજે કારીયાણીયાના ખાતા નં. ૫૫૭ થી (જુનો સીમ સર્વે નં. ૭૬ / પૈકી ૧) નવો સર્વે નં.૨૯૨ વાળી જમીન છે તે પ્રતીવાદી નં.૨ ના કબજામાં હોવાની હકીકત પુરવાર થાય છે.

વધુમાં જોઇએ તો વાદીએ આંક–૫૧ થી સ્થળ રોજ કામ તથા આંક–૩૩ થી ચેકીંગશીટ તથા આંક–૫૨ થી સ્થળ તપાસ સમયના ફોટાઓ રજુ કરેલ છે. વધુમાં વાદીને કરવામાં આવેલ ઉલટતાસમાં નીચે મુજબનીી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે.

એ વાત ખરી નથી કે મે ચેકીંગ શીટમાં પ્રતીવાદીની સહી લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે તેમને કહેવા છતા તેઓએ સહી કરેલ નથી.

એ વાત ખરી છે કે ચેકીંગ શીટમાં કોઇ તટસ્થ વ્યકતીની પણ સહી કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સ્થળ ઉપર તપાસ કરતા કોઇ મળી આવેલ નહી.

વધુમાં વાદી તરફે રેડ વાળી જગ્યાના ફોટાઓ આંક–૫૨ થી રજુ કરેલ છે.

આમ, હાલના કામે બનાવ સ્થળે પ્રતીવાદીઓના કબજામાં હોવાનું તથા રેડ દરમયાન બનાવ સ્થળ ઉપર પ્રતીવાદી નં.૪ હાજર હોય તેમ છતાં તેઓએ સહી કરવાનું ન કહેતા તે અંગેની વીગતો રોજકામમાં તથા રજુ થયેલ ફોટા ઉપરથી પ્રતીવાદી નં.૪ નાઓ બનાવ સ્થળ ઉપર રેડ વખતે હાજર હોવાની હકીકકત પુરવાર થાય છે.

હવે પ્રતીવાદીઓએ રેડ સ્થળે વીજચોરી કરેલ છે કે કેમ? તે અન્વયે જોઇએ તો રેડ સ્થળે કાયદેસર રીતે વીજ કનેકશન વાદી કંપનીએ આપેલ હોય તે વીજ જોડાણ મેળવાવા માટેનું અરજી પત્રક

આંક–૨૪ થી રજુ કરવામાં અવેલ છે જે ધ્યાને લેતા તેમાં પ્રતીવાદી નં.૩ મનસુખ હેમંતભાઇનાઓની સહી કરેલાનું જણાઇ આવે છે. તેમજ રેડ વખતે ચેકીંગશીટમાં પ્રતીવાદીનાઓએ સહી કરવાની ના કહેતા તેનું રોજકામ તથા ફોટોગ્રાફ પાડવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તે હકીકતો વાદી પક્ષે પુરવાર કરેલ છે. આ કામના પ્રતીવાદીઓએ રેડ વાળી જગ્યાએ વીજચોરી કરેલ છે. જયારે પ્રતીવાદીઓએ પોતાના કબજામાં રહેલ રેડ વાળા સ્થળે ડાઇરેકટ વીજ વાયરોનો ઉપયોગ કરી ડાઇરેકટ ચોરી કરેલાની હકીકત પુરવાર થયેલ હયોય તયારે તેઓ નીયમો મુજબ વીજ ચોરી ની રકમ ભરવા જવાબદાર થાય છે. હવે નીયમો મુજબ વીજચોરની બીલન રકમ કેટલી હોવી જોઇએ તે બાબતે જોઇએ તો વાદી એ આંક–૩૩ થી તેઓના નીયમો મુજબ કેલયુલેશન શીટ રજુ કરેલ છે જે રેગ્યુલેશન હેઠળ છે. સદર કેલયુલેશન શીટમા કોઇ ગણતરીમાં ભુલ હોય તેવી કોઈ તરકાર પ્રતીવાદીઓ તરફે ઉઠાવવામાં આવેલ નથી અને માત્ર ડી.પી.સી. ચાર્ઝ/વ્યાજ બાબતે તકરાર ઉઠાવેલ છે.

હવે, વાદી ડીલે પેમેન્ટ ચાર્જીસ તથા વ્યાજ મેળવવા હકદાર છે કે કેમ? તે અન્વયે ઇલેકટ્રીસીટી સપ્લાય કોડ, ૨૦૧૫ નિયમ–૭.૧૭ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

> 7.17 In case of default by the person in payment of assessed amount, the person, in addition to the assessed amount, shall be liable to pay, on expiry of thirty days from the date of order of assessment, an amount of interest at the rate of 16% per annum compounded every 6 months pending adjudication by Appropriate Court.

સદર જોગવાઈ વંચાણે લઈએ તો સદર જોગવાઇ પ્રમાણે ડીલેના કારણે વાદી ૧૬% વ્યાજ મેળવવા હકદાર બને છે. પરંતુ ડીલેના કારણે

તે દંડાત્મક વ્યાજ ઉપરાંત વાદી આ નિયમ ૭.૧૭ની જોગવાઇ ઉપરાંત અલગથી ડીલે પેમેન્ટ ચાર્જીસ મેળવવા હકદાર થતા હોય તેવી કોઇ જોગવાઇ વાદીએ જણાવેલ નથી. તેથી વાદી ડીલેના કારણે દંડાત્મક વ્યાજ ઉપરાંત અલગથી ડીલે પેમેન્ટ ચાર્જીસ મેળવવા હકદાર થતા નથી.

વધુમાં જોઇએ તો વાદીએ હાલના કામે સપ્લીમેન્ટરી બીલના રૂા.૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસા એસેસડ કરેલ છે અને તે ઉપરાંત દાવો દાખલ થતા સુધીના વ્યાજ ગણી કુલ રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસા માટેનો દાવો દાખલ થતા સુધીના વ્યાજ ગણીએ તો કુલ રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ થાય છે. આમ ચડત વ્યાજની ગણતરીના સીંધ્ધાત મુજબનો દાવો દાખલ કરતા વ્યાજ સુધીની રકમનો સમાવેશ એસેસમેન્ટ રકમમાં થયેલ હોય જેથી રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસાની રકમ ઉપર નિયમ ૭.૧૭ પ્રમાણે ચડત વ્યાજની રકમ ગણવાની રહે છે. તેથી વાદી રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસાની રકમ ઉપર દાવા તારીખથી વસુલ થતા સુધી નિયમ ૭.૧૭ પ્રમાણે ચઢત વ્યાજની રકમ મેળવવા હકદાર બને છે.

આમ, ઉપરોકત ચર્ચ કર્યા મુજબ વાદી સપ્લીમેન્ટરી બીલના રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ વ્યાજ સહીત પ્રતિવાદી પાસેથી મેળવવા હકદાર બને છે.

આમ, વાદીએ આ મુદા નં.૧ પુરવાર કરેલ હોય, આ મુદા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવુ છુ તથા વાદી નિયમ ૭.૧૭ પ્રમાણે વ્યાજ મેળવવા હકદાર થતા હોય, મુદા નં.૨ નો જવાબ હકારમાં ઠરાવુ છુ, તેમજ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર થતા હોય જેથી મુદા નં.૩ અન્વયે ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**–:: હુકમ ::–**

**૧.** વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના પ્રતિવાદીએ રૂા. ૮૦,૪૫,૫૭૦.૭૦ પૈસા (અંકે રૂપિયા એંસી લાખ પીસતાલીસ હજાર પાંચસોને સીતેર તથા સીતેર પૈસા) વાદી કંપનીને ચુકવવા તથા દાવા તારીખથી વસુલ થતા તારીખ સુધી સપ્લાય કોડના નિયમ–૭.૧૭ પ્રમાણે ૧૬% ના દરે વ્યાજ વાદી કંપનીને ચુકવવુ.

**૩.** આ દાવાનો વાદીનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો અને પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

**૪.** હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તા.૧૦, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: સુરેન્દ્રનગર
તા.૧૦/૦૮/૨૦૨૬

**(કાર્તીક મનુભાઇ આહિર)**
બીજા એડીશ્નલ સીનીયર સિવિલ જજ,
સુરેન્દ્રનગર.
(જજ કોડ નં. જી.જે.૦૧૪૯૦)